# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 02-08-2024** **Morning : 7.10 to 7.20**
**Day: FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **હર્ષ લેઉઆ** વાંચે છે.

---

- **રાજ્યમાં સાર્વત્રિક વરસાદને પગલે 70 લાખ હેક્ટર જમીનમાં ખરીફ પાકનું વાવેતર**
- **જુલાઇ મહિનામાં રાજ્ય સરકારની વિવિધ કરવેરાની આવક 19 ટકા વધીને નવ હજાર 725 કરોડ રૂપિયા થઈ**
- **રાજ્યમાં ચાંદીપુરા વાઇરસથી વધુ ત્રણ બાળકોનાં મૃત્યુઃ મૃત્યુઆંક વધીને 61 થયો**
- **ગીર સોમનાથ જિલ્લાના ધામળેજ ખાતે દરિયા કિનારેથી પાંચ કરોડ 30 લાખ રૂપિયાનાં માદક દ્રવ્યો જપ્ત**
- **આજે દક્ષિણ ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદની હવામાન વિભાગની આગાહી**

------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# GUJARAT FARMER

રાજ્યમાં સાર્વત્રિક વરસાદ થતા ખેડૂતોએ આશરે 70 લાખ હેક્ટર જમીનમાં ખરીફ પાકનું વાવેતર થયું છે. કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલે રાજ્યમાં વાવેતરની વિગતો આપતા તેમણે ગઇકાલે જણાવ્યું હતું કે સૌથી વધુ 23 લાખ હેક્ટર જમીનમાં કપાસનું વાવેતર કરાયું છે. ઉપરાંત કુલ 22.90 લાખ હેક્ટર જમીનમાં તેલીબીયા પાકોનું વાવેતર કરાયું છે.

શ્રી પટેલે જણાવ્યું કે રાજ્યમાં અત્યાર સુધીમાં મોસમનો કુલ સરેરાશ વરસાદ 60 ટકાથી વધુ નોંધાયો છે. સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાત સહિતના જિલ્લાઓમાં ભારે વરસાદને પગલે મોટા પાયે ખરીફ પાકનું વાવેતર કરાયું છે.

ગત વર્ષે આ સમયગાળા દરમિયાન રાજ્યમાં ૭૪ લાખ હેક્ટરમાં ખરીફ પાકોનું વાવેતર થયું હતું. છેલ્લા 3 વર્ષની સરેરાશ કાઢતા સામાન્ય રીતે રાજ્યમાં કુલ 85 લાખ હેક્ટર વાવેતર વિસ્તારની સામે ચાલુ વર્ષે અત્યાર સુધીમાં 81 ટકા જેટલા વિસ્તારમાં વાવેતર થઇ ગયું છે. જેમાં કપાસ, મગફળી, એરંડા, તલ, સોયાબીન, ડાંગર, જુવાર સહિતના ખરીફ પાકોનું વાવેતર થયું છે.

---------------------------------------------------------------------------

-રીપીટ

# RAGHVJI PATEL- KHARIF PAK

રાજ્યમાં અત્યાર સુધીમાં મોસમનો કુલ સરેરાશ વરસાદ ૬૦ ટકાથી વધુ નોંધાયો છે. કૃષિમંત્રી રાઘવજી પટેલે જણાવ્યું કે, સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાત સહિતના જિલ્લાઓમાં ભારે વરસાદને પગલે મોટા પાયે ખરીફ પાકનું વાવેતર કરાયું છે.

ઉલ્લેખનીય છે કે, ગત વર્ષે આ સમયગાળા દરમિયાન રાજ્યમાં ૭૪ લાખ હેક્ટરમાં ખરીફ પાકોનું વાવેતર થયું હતું. રાજ્યમાં છેલ્લા ૩ વર્ષના કુલ સરેરાશ ૮૫ લાખ હેક્ટર વાવેતર વિસ્તારની સામે ચાલુ વર્ષે અત્યાર સુધીમાં ૮૧ ટકા જેટલા વિસ્તારમાં વાવેતર થઇ ગયું છે.

-----------------------------------------------------------------------

-રીપીટ

# POWER DEMAND

રાજ્યમાં સાર્વત્રિક વરસાદને પગલે વીજળીની માંગમાં તીવ્ર ઘટાડો થયો છે. ઉનાળામાં તીવ્ર ગરમીમાં વીજ માંગ 25 હજાર મેગાવોટ સુધી પહોંચી ગઈ હતી, જે હવે ઘટીને 17 હજાર મેગાવોટ થઈ છે. ગુરૂવારે રાજ્યમાં 17 હજાર 340 મેગાવોટ વીજળીની ખપત થઈ હતી.

વરસાદ અને વાદળછાયા વાતાવરણને કારણે સોલર એકમોનું વીજ ઉત્પાદન ઘટ્યું છે. રાજ્યમાં સોલર વીજ એકમોની ઉત્પાદન ક્ષમતા 11 હજાર મેગાવોટ છે, જેમાંથી હાલ 600 મેગાવોટ વીજળીનું જ ઉત્પાદન થઈ રહ્યું છે, જે સ્થાપિત ક્ષમતાનાં માત્ર સાડા પાંચ ટકા છે.

---------------------------------------------------------------------

--ડેસ્ક અનિલ

-(NAVIN)

# State GST

જુલાઇ મહિનામાં રાજ્ય સરકારને વિવિધ કરવેરા પેટે કુલ નવ હજાર 725 કરોડ રૂપિયાની આવક થઈ છે, જે ગયા વર્ષના જુલાઇ કરતા 19 ટકા વધુ છે. મુખ્ય રાજ્ય કરવેરા કમિશનરે ગુરૂવારે જીએસટી, વેટ, વ્યવસાય વેરો અને વિદ્યુત શુલ્કની વસુલાતના આંકડા પ્રસિધ્ધ કર્યં હતા.

રાજ્યને જીએસટી પેટે પાંચ હજાર 383 કરોડની આવક થઈ હતી, જે ગયા વર્ષનાં સમાન સમયગાળા કરતા 12 ટકા વધુ છે. આ ઉપરાંત રાજ્યને વેટ પેટે બે હજાર 974 કરોડ રૂપિયાની, વિદ્યુત શુલ્ક પેટે 892 કરોડ રૂપિયા અને વ્યવસાય વેરા પેટે 21 કરોડ રૂપિયાની આવક થઈ છે.

નાણાકીય વર્ષ 2024-25નાં પ્રથમ ચાર મહિનામાં તમામ વેરા પેટે સરકારને 39 હજાર 350 કરોડ રૂપિયાની આવક થઈ છે, જે ગયા નાણાકીય વર્ષ કરતાં 14 ટકા વધુ છે.

---

-ડેસ્ક, અનિલ પટેલ -(NAVIN)

# Chandipura

રાજ્યમાં ચાંદીપુરા વાઇરસથી છેલ્લાં 24 કલાકમાં વધુ ત્રણ બાળકોનાં મૃત્યુ થતાં કુલ મૃત્યુઆંક વધીને 61 થયો છે, જ્યારે નવા આઠ કેસ વધતા અત્યાર સુધીનાં કુલ કેસોની સંખ્યા વધીને 148 થઈ છે. પોઝીટીવ કેસની સંખ્યામાં પાંચનો વધારો થયો છે. રાજ્યના કુલ 21 જિલ્લામાં ચાંદીપુરાના કેસ નોંધાય છે.

આરોગ્ય વિભાગ દ્વારા સ્થળ તપાસ અને અસરગ્રસ્ત વિસ્તારોમાં દવા છંટકાવની કામગીરી ચાલુ છે. હાલમાં 27 દર્દી રાજ્યની વિવિધ હોસ્પિટલમાં દાખલ છે. અત્યાર સુધી કુલ 60 દર્દીને રજા આપવામાં આવી છે.

અમારા દીવ જિલ્લાના પ્રતિનિધી ભારતી રાવલના જણાવ્યા પ્રમાણે જિલ્લાના શહેરી વિસ્તારની તમામ શાળાઓમાં ડેન્ગ્યુ, ચાંદીપુરા વાયરસ જેવા રોગો અંગે તાલીમ  શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આરોગ્ય વિભાગ ની ટીમો દ્વારા કાચી દીવાલો વાળા ઘરોનો સર્વે શરૂ કરવામાં આવ્યો છે.

---------------------------------------------------------------------

---ડેસ્ક અને પીટીસી દીવ, અનિલ

-(NAVIN)

# AMDAVAD CYBER CRIME AWARENESS

અમદાવાદ શહેર પોલીસ સાયબર ક્રાઈમ બ્રાન્ચ દ્વારા આગામી દિવસોમાં સાયબર જાગૃતિ પખવાડિયા કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે.

જે અંતર્ગત અમદાવાદ શહેરની શાળા કોલેજોમાં તેમજ વરિષ્ઠ નાગરિકો સાથે થતાં સાઇબર ક્રાઇમ વિશે જાણકારી આપવામાં આવશે તેમજ તેને અટકાવવા માટેની માહિતી પૂરી પાડવામાં આવશે.

અમદાવાદ સાયબર ક્રાઇમ બ્રાન્ચ દ્વારા રીલ મેકિંગ સ્પર્ધાનું આયોજન કરાયું છે. આ સ્પર્ધામાં ભાગ લેવા 10 ઓગસ્ટ સુધી રજીસ્ટ્રેશન કરી શકાશે.

આ વિશે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના IPS અધિકારી ડૉ. લવીના સિન્હાએ વધુમાં આ મુજબ જણાવ્યું .....

(બાઈટ – ડૉ લવીના સિન્હા)

---------------------------------------------------------------------

-પીટીસી, અમદાવાદ – રીટા દવે, યશ્રી

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

.........................................

# GUJ. BREAST FEEDING WEEK

રાજ્યભરમાં સાત ઓગસ્ટ સુધી વિશ્વ સ્તનપાન સપ્તાહની ઉજવણી કરવામાં આવશે.

મહિલા અને બાળ કલ્યાણમંત્રી ભાનુબહેન બાબરિયાએ ગઈકાલે ગાંધીનગર સિવિલ હૉસ્પિટલ ખાતે રાજ્યવ્યાપી ઝુંબેશનો પ્રારંભ કરાવ્યો હતો. આ સાથે જ રાજ્યભરના હૉસ્પિટલ અને આરોગ્ય કેન્દ્રોમાં ઉચ્ચ અધિકારીઓની આગેવાનીમાં વિશ્વ સ્તનપાન સપ્તાહની ઉજવણીનો પ્રારંભ થયો છે.

અ પ્રસંગે બોલતા ભાનુબહેન બાબરિયાએ જણાવ્યું કે, જન્મ બાદ માતાનું પ્રથમ ધાવણ બાળક માટે અમૃત સમાન હોય છે. આ પ્રસંગે મંત્રીશ્રીએ સિવિલ હોસ્પિટલમાં મહિલા દર્દીઓને સ્તનપાનના ફાયદા વિશે માહિતગાર કરી કિટ વિતરણ કર્યું હતું.

ઉલ્લેખનીય છે કે, વિશ્વભરમાં સ્તનપાનને પ્રોત્સાહન આપવા તેમજ બાળકોને વધુ પોષણ મળે તે અર્થે જાગૃતિ લાવવાના હેતુ સાથે વર્ષ 1992થી વિશ્વ સ્તપાન સપ્તાહની શરૂઆત કરાઈ હતી.

---

-રીપીટ

# Rajkot- Lok Mela

રાજકોટમાં રેસકોર્સ મેદાનમાં આગામી 24 થી 28મી ઓગસ્ટ દરમિયાન જન્માષ્ટમીનો લોકમેળો યોજાવાનો છે. આ વખતે TRP ગેમ ઝોન અગ્નિ કાંડને લઈને સુરક્ષાના કારણોસર સ્ટોલની સંખ્યામાં 30 ટકાનો ઘટાડો કરવામા આવ્યો છે. સુરક્ષાને ધ્યાને લઇ આ વખતે લોકમેળાનો વીમો 5 કરોડથી  વધારી 7.50 કરોડ કરવામાં આવ્યો છે.

રાજકોટ જિલ્લાના કલેકટર પ્રભવ  જોશીએ આ અંગે માહિતી આપતા વધુમાં જણાવ્યું ...

(બાઈટ : પ્રભવ જોશી – કલેકટર રાજકોટ )

---------------------------------------------------------------------

-પીટીસી,રાજકોટ, હેમાંગિની -(NAVIN)

# Gir Somnath Narcotics

ગીર સોમનાથ જિલ્લાના સમુદ્ર કાંઠેથી વધુ એક વાર મોટી માત્રામાં માદક પદાર્થો મળી આવ્યા છે. ગઇ કાલે ગીર સોમનાથ SOG, FSL સહિતની ટીમોએ સુત્રાપાડાના ધામળેજ ખાતે દરિયાકિનારાથી પાંચ કરોડ 30 લાખ રૂપિયાનાં માદક દ્રવ્યો જપ્ત કર્યા છે

ગઈ કાલે ગીર સોમનાથ એસ.ઓ.જી., પોલીસ ઇન્સ્પેક્ટર તથા પીએસઆઈના માર્ગદર્શન હેઠળ પોલીસના કર્મચારીઓ સુત્રાપાડા વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા એ દરમ્યાન મળેલી બાતમીનાં આધારે ધામળેજ ગામે સ્મશાન પાસે હુડવીયા પીરની દરગાહ જવાના રસ્તે દરીયા કિનારેથી દસ કીલો છસો ગ્રામ બિનવારસી ચરસના પેકેટો જપ્ત કર્યા હતા, જેનું મુલ્ય પાંચ કરોડ 30 લાખ રૂપિયા થાય છે.

આ સંદર્ભમાં સુત્રાપાડા પોલીસ સ્ટેશનમાં એન.ડી.પી.એસ. એકટ મુજબ ગુનો નોંધવામાં આવ્યો છે અને આસપાસના સમુદ્ર કાંઠામાં સુરક્ષા એજન્સી દ્વારા સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે.

---

---પીટીસી ગીર સોમનાથ, અનિલ પટેલ

-(NAVIN)

# RAIN

રાજ્યમાં વરસાદી મહોલ યથાવત છે. હવામાન વિભાગે આજે બનાસકાંઠા, નર્મદા, ડાંગ, તાપી અને ભરૂચ સહિતના જિલ્લાઓમાં ભારે વરસાદની આગાહી છે. તથા સુરત, નવસારી, વલસાડ, દાદરા અને નગર હવેલી અને દમણમાં આજે ભારે થી અતિભારે વરસાદ માટે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. રાજ્યના અન્ય ભાગોમાં હળવા વરસાદની આગાહી છે.

દરમિયાન ગઈકાલે સાંજ સુધીમાં રાજ્યના અનેક તાલુકાઓમાં વરસાદ નોંધાયો હતો. જેમાં સૌથી વધુ નવસારીના ખેરગામ અને ખેડાના કપડવંજમાં દોઢ ઈંચથી પણ વધારે વરસાદ નોંધાયો હતો.

ડાંગના વધઈ અને આહવા તાલુકામાં, નવસારીના વાંસદા તથા વલસાડ જિલ્લામાં લગભગ દોઢ ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો. નડિયાદ, ધરમપુર, શહેરા, વ્યારા, સુબીર અને સિનોર તાલુકાઓમાં લગભગ એક ઇંચ જેટલો વરસાદ થયો હોવાના અહેવાલ છે.

---------------------------------------------------------------------

-I.M.D. હર્ષ -(NAVIN)